# રાજ્યસભા ચૂંટણી સંદર્ભે કોંગી ધારાસભ્યો જયપુર પહોંચ્યા

## ધારાસભ્યોને અકબંધ રાખવાની વ્યૂહરચના : ત્રણેય સીટો જીતવા ભાજપને ૧૧૧ મતોની, કોંગ્રેસને બે સીટ જીતવા ૭૪ મતોની જરૂર

અમદાવાદ,તા.૧૪

ગુજરાતમાં રાજ્યસભાની ચૂંટણી ખુબ જ રોચક બની રહે તેવી શક્યતા દેખાઈ રહી છે. ભાજપ અને કોંગ્રેસ દ્વારા પોતપોતાના ધારાસભ્યોને અકબંધ રાખવાના તમામ પ્રયાસો થઈ રહ્યા છે. ચાર પાર્ટીઓ દ્વારા તેમના ઉમેદવારના જીતના દાવા થઈ રહ્યા છે. તમામ ત્રણેય સીટો જીતવા માટે ભાજપને ૧૧૧ મતની જરૂર રહેશે જ્યારે કોંગ્રેસને બે સીટ જીતવા માટે ૭૪ મતની જરૂર છે. અપક્ષ ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ કોંગ્રેસને ટેકો



ખાલી થયેલી સીટો માટે શુક્રવારના દિવસે ઉમેદવારીપત્ર ભરવાની પ્રક્રિયા પૂર્ણ થઈ હતી. ભાજપ તરફથી ત્રણ ઉમેદવારો અને કોંગ્રેસ તરફથી બે ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. ૨૬મી માર્ચના દિવસે ચૂંટણી યોજાનાર છે. બંને આપવાની જાહેરાત કરી દીધી છે. મેવાણીએ કોંગ્રેસના બે ઉમેદવાર સાથે બેઠક યોજ્યા બાદ આ અંગેની જાહેરાત કરી છે. બીજી બાજુ ધારાસભ્યોને અકબંધ રાખવા માટે કોંગ્રેસના ૧૪ ધારાસભ્યોને જયપુર લઈ જવામાં આવ્યા છે. બાકીના ધારાસભ્યોને પણ જયપુર લઈ જવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. સુત્રો પાસેથી પ્રાપ્ત અહેવાલ મુજબ કોંગ્રેસના ધારાસભ્યો આજે સાંજે ફ્લાઈટ મારફતે જયપુર પહોંચ્યા હતા. બીજી બાજુ કેટલાક ધારાસભ્યોને અહીં પણ રાખવામાં આવનાર છે. ભાજપે પણ તમામ તાકાત લગાવી દીધી છે. ભાજપને ૧૧૧ના આંકડા સુધી પહોંચવા વધારાના પાંચ મતની જરૂર છે. ભાજપે ઉમેદવારની જાહેરાત કરી દીધી છે. બુધવારે અભય ભારદ્વાજ અને રમીલાબેન બારાની જાહેરાત કરી હતી. કોંગ્રેસે ગુરુવારે ભરતસિંહ સોલંકી અને શક્તિસિંહ ગોહિલની જાહેરાત કરી હતી. જો કે શુક્રવારે ઉમેદવારીપત્ર ભરવાના છેલ્લા દિવસે ભાજપે ત્રીજા ઉમેદવાર તરીકે નરહરિ અમીનની જાહેરાત કરી હતી. ભાજપે ત્રીજા ઉમેદવાર તરીકે કોંગ્રેસનું ગોત્ર ધરાવતા અને પાટીદાર નેતા નરહરિ અમીનને મેદાનમાં ઉતારી પોતાની રાજકીય ફૂટનીતિનો પરચો કરાવ્યો છે.

# સાઈબર ક્રાઈમને રોકવા રાજ્ય સરકારનો ઝડપી નિર્ણય

## રાજ્યના તમામ નવ રેન્જમાં સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન કાર્યરત : પ્રદિપસિંહ જાડેજા

ગાંધીનગર, તા. ૧૪

ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે નાગરિકોને વધુ સુદ્રઢ સુરક્ષા થકી સલામત ગુજરાતનું નિર્માણ એ જ અમારૂ લક્ષ્ય છે. ટેકનોલોજીના વિકસતા જતા યુગમાં ગુનાઓ પણ હાઈ-ફાઈ બન્યા છે, ત્યારે સાયબર ક્રાઈમ સહિત અન્ય ગુનાઓનું ટેકનોલોજી દ્વારા નિયંત્રણ થાય તે માટે ગુજરાત પોલીસને વધુને વધુ સુસજ્જ કરવામાં આવશે. આજના વિકસતા જતા ટેક્નોલોજીના યુગમાં બનતા સાયબર ક્રાઈમને રોકવા માટે ગુજરાતે મક્કમ નિર્ધાર કરીને, તમામ નવ રેન્જમાં સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન કાર્યરત કરવાનો નિર્ણય કર્યો હતો જેને કાર્યરત કરી દેવાયા છે. આ રેન્જ હેઠળ રાજ્યના મોટા ભાગના જિલ્લાઓને આવરી લેવામાં આવ્યા છે.

ગૃહમંત્રી જાડેજાએ ઉમેર્યુ કે આ રેન્જમાં ગાંધીનગર, અમદાવાદ, વડોદરા, પંચમહાલ-ગોધરા, ભાવનગર, સુરત, રાજકોટ, જૂનાગઢ અને કચ્છ બોર્ડર રેન્જ જિલ્લા પોલીસ સ્ટેશનોનો સમાવેશ થાય છે.

જાડેજાએ વધુમાં ઉમેર્યુ કે જે નવ રેન્જમાં સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનો કાર્યરત કરાયા છે. તેમાં ગાંધીનગર રેન્જનું મુખ્યમથક ગાંધીનગર રહેશે જેના હેઠળ ગાંધીનગર, મહેસાણા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાનો સમાવેશ કરાયો છે. અમદાવાદ રેન્જમાં તેનું મુખ્યમથક અમદાવાદ રહેશે જેમાં અમદાવાદ ગ્રામ્ય, ખેડા-નડિયાદ અને આણંદ જિલ્લાનો સમાવેશ કરાયો છે. વડોદરા રેન્જનું મુખ્યમથક વડોદરા રહેશે જેમાં વડોદરા ગ્રામ્ય, ભરુચ, નર્મદા-રાજપીપળા અને છોટાઉદેપુર જિલ્લાનો સમાવેશ થાય છે. પંચમહાલ-ગોધરા રેન્જનું વડુમથક ગોધરા રહેશે જેમાં પંચમહાલ-ગોધરા અને મહિસાગર-લુણાવાડાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારનો સમાવેશ થાય છે.

## ખૂણેખાંચરેથી

● રાજ્યસભાની ચૂંટણી એ પાટનગરમાં આજે આખો દિવસ ટોક ઓફ ધી ટાઉન બની ચર્ચામાં રહી હતી.

● ગાંધીનગર શહેરના જાણીતા એમ.ડી. ડૉ. રાજીવ હર્ષે બ્રહ્માકુમારી સે. ૨૮ના સેવાકેન્દ્રના 'પીસપાર્કના હોલ''માં તા. ૧૪ થી ૨૦ માર્ચ દરમ્યાન શારિરીક દુ:ખાવો ભગાઓ કસરતો સવારે ૭.૧૫ થી ૮.૦૦ સુધી કરાવશે.

● ગાંધીનગર શહેરમાં સ્વચ્છતા ફરી ખોવાઈ જવા પામી છે. જાહેર માર્ગોની આસપાસ વન વિભાગની જમીન પર ગંદકીના ઢગલાઓ શહેરની સ્વચ્છતા ઝુંબેશના લીરા ઉડાવી રહ્યા છે.

● સ્માર્ટસીટીમાં ગાંધીનગર શહેર દેશમાં ૫૦મા ક્રમે આવ્યુ છે. ૧૦૦ શહેરોમાં સ્માર્ટસીટીના થયેલ કામો પછી આ રેન્કીંગ અપાયું છે.

● ગાંધીનગર જિલ્લા આરોગ્યતંત્ર હવે જિલ્લાના જાહેર સ્થાનો પર કોરોનાની સામે જનજાગૃતિ માટે હોર્ડિંગ્સ લગાવશે.

● વાસ્મોના કોન્ટ્રાક્ટ ચીયુલ સ્ટાફે ન્યાય માટે અદાલતના દ્વાર ખટકટાવ્યા છે.

ટચૂકડી જાહેર ખબર

વેચવાની છે

રેસ્ટોરન્ટ

સારો વકરો ધરાવતી, ગાંધીનગરની મધ્યમાં આવેલી રેસ્ટોરન્ટ વેચવાની છે.

સંપર્ક

મો. ૮૪૦૧૦ ૮૮૬૭૭

## વાસણ ગામમાં દાંતની તપાસનો કેમ્પ યોજાયો




ગાંધીનગર, તા. ૧૪

ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષની ઉજવણી વિવિધ કાર્યક્રમો દ્વારા થાય છે. તે અંતર્ગત તા. ૧૪-૩-૨૦૨૦ને શનિવારે વાસણ ગામમાં વિનામૂલ્યે દાંતની તપાસનો કેમ્પ રાખવામાં આવેલ. જેમાં કર્ણાવતી દાંતની હોસ્પિટલ, ઉવારસદના દાંતના નિષ્ણાત ડોક્ટરની ટીમ દ્વારા વાસણ ગામની પ્રાથમિક શાળામાં કેમ્પ યોજાયો હતો. કુલ ૨૦૦થી વધુ વ્યક્તિઓની દાંત તપાસ થઈ જેમાં ૪૭ ગ્રામજનો અને ૬૨ વિદ્યાર્થીઓને દાંતની ટ્રીટમેન્ટ કરવા માટે કર્ણાવતી હોસ્પિટલ તરફથી સુવિધા આપવામાં આવશે. વાસણ ગામના સરપંચ, વિજયસિંહ, આચાર્ય તથા ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજાના પ્રો.ઓ. ડૉ. હસમુખ પંચાલ, ડૉ. ધર્મેશભાઈ અને સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા. સંયોજક ડૉ. રાજીવભાઈ પટેલ દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

## કોરોના વાયરસના ખતરાને જોતાં ૩૧મી માર્ચ સુધી સામૂહિક મેળાવડો નહી કરવા નિર્દેશ

ગુજરાતમાં કોરોના વાયરસનો ફેલાવો રોકવા માટે રાજ્ય સરકાર સક્રિય બની ગઈ છે. જે અનુસંધાને સરકારે ધ એપિડેમિક ડિસિઝ એક્ટ, ૧૮૯૭ના અમલની સૂચના માટે જાહેરનામું બહાર પાડ્યું છે. આ એક્ટની કલમ-૨,૩ અને ૪ પ્રમાણે અધિકારીઓને કેટલીક સત્તા આપવામાં આવી છે, તેમજ કેટલાક આદેશ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત સરકારે વધુ એક જાહેરનામું બહાર પાડીને તંત્રની સાથે સાથે જાહેર જનતાને પણ સામૂહિક મેળાવડાઓ નહી યોજવા અથવા પાછળ ઠેલવવા માટે અનુરોધ કર્યો છે.

ગુજરાત સરકારના પરિપત્ર પ્રમાણે આ કાનૂન ધ ગુજરાત એપિડેમિક ડિસિઝ, કોવિડ-૧૯ રેગ્યુલેશન્સ, ૨૦૨૦ નામે ઓળખાશે. આ કાનૂન જાહેરનામું પ્રસિદ્ધ થયાના એક વર્ષ સુધી અમલમાં રહેશે. આ કાનૂન પ્રમાણે જવાબદાર અધિકારીઓ એટલે કે સ્વાસ્થ્ય કમિશનરો, મ્યુનિસિપલ કમિશનર, કલેક્ટરો તેમજ સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તરફથી નિમવામાં આવેલા અધિકારીઓને ગણાશે. જે પ્રમાણે નોવેલ કોરોના વાયરસને વિશ્વ આરોગ્ય સંસ્થા(હુ) તરફથી વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવી છે. ભારતમાં આ રોગના કુલ ૮૧ કેસ નોંધાયેલ છે. કોરોના વાયરસનો ફેલાવો શ્વાચ્છોશ્વાસ દ્વારા, ડ્રોપલેટ દ્વારા સીધા સંપર્કથી થતો હોય છે. તકેદારીના પગલારૂપે રાજ્યમાં કોઈ એક જગ્યા પર લાંબા સમય માટે વધુ માણસો ભેગા ન થાય તે હેતુસર તાત્કાલિક અસરથી તમામ સરકારી કચેરીઓ, સંસ્થાઓમાં યોજાતા વર્કશોપ, સેમીનાર, કોન્ફરન્સો તા.૩૧-૦૩-૨૦૨૦ સુધી મોકૂફ રાખવા સરકાર દ્વારા જણાવાયું છે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

ગુજરાત સરકારના બે દાયકાની આદિવાસી ઉત્થાનની સફળ સાધના

વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત આદિજાતિ વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે છેલ્લા ૧૦ વર્ષમાં ગુજરાત સરકારે ખર્ચ્યા રૂ. ૯૦,૦૦૦ કરોડ

ગુજરાત સરકાર દ્વારા છેલ્લા ૫ વર્ષમાં વન અધિકાર અધિનિયમ હેઠળ ૧૪ જિલ્લાના અંદાજીત ૯૪,૦૦૦ થી વધુ આદિવાસીઓનાં વ્યક્તિગત અને સામુદાયિક જમીની દાવા મંજૂર કરી આદેશપત્ર એનાયત કરવામાં આવ્યા

જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ આદિજાતિ વિસ્તારના ૨,૬૧૪ ગામોને પાણી પહોંચાડાઈ રહ્યું છે. જ્યારે ૮૯૬ ગામોમાં આ યોજનાનો વ્યાપ વધારવા ૧૧ કરોડ રૂપિયાની ફાળવણી કરાઈ છે, ઉપરાંત આદિવાસી ગામોમાં ૧૫,૦૦૦ થી વધુ મીની વોટર સપ્લાય કાર્યરત છે

મુખ્યમંત્રીશ્રી દ્વારા જાહેર દિનકર યોજના હેઠળ દિવસ દરમ્યાન વિજળી મળવાથી આદિવાસી વિસ્તારોને વિશેષ લાભ થશે, તે માટે વર્ષ ૨૦૨૦ – ૨૦૨૧ના બજેટમાં રૂ. ૫૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે

ZINFO - 2019-20 (106)

ગુજરાત સરકાર દ્વારા આદિવાસી વિસ્તારના ૫,૮૮૪ ગામોના ૧,૭૬,૫૦૩ ખેતરો અને ઘરોમાં ૨૪ કલાક વીજળી પહોંચાડી આદિવાસી પરિવારોના ઘર વીજળીથી રોશન કર્યા ઉપરાંત ૧૬૨ નવા સબસ્ટેશન પણ ઉભા કરવામાં આવ્યા

આદિવાસી વિસ્તારને શહેર સાથે જોડવા માટે રાજ્ય સરકાર દ્વારા રાજ્યના અંતરિયાળ વિસ્તારમાં ૯,૧૫૯ કિ.મી. લંબાઈના રસ્તા તેમજ ૪૫૬ નાના / મોટા પુલોના નિર્માણ માટે રાજ્ય સરકારે રૂ. ૮,૫૪૧.૪૫ કરોડનો ખર્ચ કર્યો

ગુજરાત સરકારે ભણતરના અજવાળા કર્યા આદિવાસીઓના જીવનનાં અંધારા ટળ્યાં

૭૬૫ જેટલી આશ્રમ શાળાઓ, આદર્શ નિવાસી શાળાઓ અને એકલવ્ય શાળાઓના ૧,૩૫,૦૦૦ વિદ્યાર્થીઓને રહેવા, જમવા અને અભ્યાસની સુવિધા પુરી પાડવા ૩૭૪ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે

૧૪ આદિજાતિ જિલ્લામાં મેડિકલ અને એન્જિનિયરીંગ શાખાઓમાં પ્રવેશ પરીક્ષા માટે રાજ્ય સરકાર દ્વારા ૧૦૦ થી વધુ તાલીમ કેન્દ્ર શરૂ કરાયા, કોચિંગ વર્ગમાં તાલીમ બાદ ૬૧૯ વિદ્યાર્થીઓ NEET અને JEE માં ૪૧૯ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવવા પાત્ર થયેલ છે

વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા કરોડોના ખર્ચે પબ્લિક પ્રાઈવેટ પાર્ટ્નરશીપ થી ૮ વોકેશનલ તાલીમ કેન્દ્ર કાર્યરત છે, જેમાં ૩ માસથી ૨ વર્ષ સુધીના વિવિધ કોર્સમાં તાલીમ મેળવ્યા બાદ ૫૨,૯૩૫ આદિવાસી યુવાનોએ રોજગારી મેળવી છે. દર વર્ષે ૭,૦૦૦ તાલીમાર્થી યુવાનો તાલીમ સાથે નિઃશુલ્ક રહેવા જમવાની સુવિધાનો લાભ મેળવે છે

અંતરિયાળ વિસ્તારોમાં વસતા ગરીબ આદિવાસી પરિવારના બાળકોને શહેર જેવું સુવિધાવાળું ઉચ્ચ શિક્ષણ મળે અને ઉચ્ચ કારકિર્દી હાંસલ કરી શકે તે માટે આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા છેલ્લા ૭ વર્ષમાં ૯૮ શૈક્ષણિક સંસ્થાઓનું સંચાલન કરવામાં આવી રહ્યું છે

૪૧ એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ શાળા, ૪૩ કન્યા સાક્ષરતા નિવાસી શાળા, ૧૨ મોડલ શાળાઓ, ૨ સૈનિક શાળાઓમાં ૩૩,૦૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યાં છે

વિદ્યા સાધના યોજના હેઠળ ધોરણ ૯ ની ૫૦,૦૦૦ વિદ્યાર્થીનીઓને સાયકલ આપવા ૧૯ કરોડ રૂપિયાની જોગવાઈ કરાઈ છે

વનબંધુ કલ્યાણ યોજના હેઠળ આદિજાતિનો સર્વાંગી વિકાસ થાય તે માટે ૨ લાખ થી વધુ આદિવાસી વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપ નો લાભ આપવા માટે ૩૭૯ કરોડની જોગવાઈ છે



નિર્ણાયક નેતા, મજબૂત સરકાર

વનબંધુઓનાં સર્વાંગી વિકાસ માટે ગુજરાત સરકાર કટિબદ્ધ છે.

શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત